# આર્કિ.જોબનદેસાઈએજૂનાસિક્કા વેચવામાં રૂ.૧૩.૨૦લાખગુમાવ્યા

**કરોડોની** લાલચ આપી કલેક્ટર કચેરી અને ‘ઓલ્ડ કોઈન કંપની’ના બનાવટી લેટરો મોકલી ઠગોએ રકમ પડાવી

સુરતઃ ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતા ૭૨ વર્ષીય આર્કિટેક્ટ જોબન દેસાઈ સાથે સોશિયલ મીડિયા પર જૂના સિક્કા વેચી કરોડો રૂપિયાનું વળતરના નામે રૂ.૧૩,૨૦,૫૮૮ની ઠગાઈ કરવામાં આવી હતી.

ઘોડદોડ રોડ પર પ્રથમ હાઉસ ખાતે રહેતા જોબનપુત્ર ઠાકોરભાઈ દેસાઈ (ઉં.વ.૭૨) વ્યવસાયે આર્કિટેક્ટ છે અને તેમને જૂના સિક્કા ભેગા કરવાનો શોખ છે. ગત ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ તેઓ ઈન્સ્ટાગ્રામ રીલ્સ જોઈ રહ્યા હતા ત્યારે જૂના સિક્કાના બદલામાં ઊંચું વળતર મળવાની એક જાહેરાત જોતાં વોટ્સએપ ચેટ પર રાજ જ્ઞાની નામના શખ્સનો સંપર્ક થયો હતો. જૂના સિક્કાના ફોટા મંગાવી ઊંચા વળતરની લાલચ આપી હતી. ત્યારબાદ ઠગોએ રજિસ્ટ્રેશન ચાર્જ, RBIનો લેટર કઢાવવા માટે, પ્રોસેસિંગ ફી, પર્ચેસ ઓર્ડર ચાર્જ સહિતના નામે QR કોડ મોકલીને ટુકડે-ટુકડે લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. ઠગોએ પોતાની વાત સાચી સાબિત કરવા માટે ‘ગુજરાત સ્ટેટ રેવન્યુ ડિપાર્ટમેન્ટ’, ‘ઓફિસ ઓફ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર, સુરત’ તેમજ ‘ઓલ્ડ કોઈન કંપની લિમિટેડ, હૈદરાબાદ’ નામે અશોક સ્તંભના ચિન્હ વાળા અને સહી-સિક્કા યુક્ત બનાવટી લેટરો પણ મોકલ્યા હતા. ઠગોએ જુદા જુદા UPI ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂ.૧૩,૨૦,૫૮૮ પડાવી લીધા હતા. અંતે શંકા જતાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે..

# ભારત-ન્યૂઝીલેન્ડ FTA: સુરતના કાપડ ઉદ્યોગ માટે વૈશ્વિક તક

**પાવરલૂમ**, પ્રોસેસિંગ, પ્રિન્ટિંગ, એમ્બ્રોઇડરી અને ગારમેન્ટ ઉદ્યોગને નિકાસ વધારવાની તક

**MSMEને** સરકારી સહાય આપવા ચંપાલાલ બોથરાની માંગ

સુરત : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના મુક્ત વેપાર કરાર (FTA) થી ભારતીય ટેક્સટાઈલ અને ગારમેન્ટ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય બજારમાં નવા અવસરો મળી શકે છે. CAITના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ અને ટેક્સટાઈલ એન્ડ ગારમેન્ટ કમિટીના નેશનલ ચેરમેન ચંપાલાલ બોથરાએ આ કરારને આવકારતાં જણાવ્યું હતું કે તે સુરત સહિત દેશના નાના વેપારીઓ અને MSME એકમો માટે નિકાસ વૃદ્ધિની નવી તકો ઊભી કરી શકે છે.

બોથરાએ જણાવ્યું કે ન્યૂઝીલેન્ડના બજારમાં ભારતીય ઉત્પાદનોને તમામ ટેરિફ લાઈન્સ પર શૂન્ય આયાત જકાતનો લાભ મળવાથી ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મક ક્ષમતા વધવાની સંભાવના છે. સુરતના પાવરલૂમ, ફેબ્રિક, પ્રોસેસિંગ, પ્રિન્ટિંગ, એમ્બ્રોઇડરી અને ગારમેન્ટ ઉદ્યોગે આ તકનો લાભ લેવા ગુણવત્તા, ઉત્પાદનની વિવિધતા અને સમયસર સપ્લાય પર ધ્યાન આપવું પડશે. તેમણે કેન્દ્ર સરકાર સમક્ષ ટેક્સટાઈલ MSMEને ન્યૂઝીલેન્ડના ખરીદદારો સાથે જોડવા બાયર-સેલર મીટ, આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો, નિકાસ તાલીમ અને નાણાકીય સહાયની વ્યવસ્થા અસરકારક બનાવવાની માગ કરી હતી.

નાના નિકાસકારોને ગુણવત્તા પ્રમાણપત્ર, પેકેજિંગ અને નિકાસ દસ્તાવેજો અંગે માર્ગદર્શન આપવા પણ ભાર મૂક્યો હતો. બોથરાના જણાવ્યા અનુસાર, વર્ષ 2030 સુધીમાં ભારત-ન્યૂઝીલેન્ડ દ્વિપક્ષીય વેપારને 7 અબજ ન્યૂઝીલેન્ડ ડૉલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય ઉદ્યોગ માટે નવી સંભાવનાઓ ઊભી કરે છે. કરારનો વાસ્તવિક લાભ નાના ઉત્પાદકો, વેપારીઓ અને શ્રમિકો સુધી પહોંચે તો વેપારને વેગ મળી શકે છે.

### ભારત-ન્યૂઝીલેન્ડના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી હીરા-ઝવેરાત નિકાસને વેગની આશા

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેનો મુક્ત વેપાર કરાર (FTA) અમલમાં આવતાં ભારતીય રત્ન અને ઝવેરાત ઉદ્યોગ માટે નિકાસની નવી તકો ઊભી થઈ છે. GJEPCએ આગામી બે વર્ષમાં નિકાસ બમણી કરીને 5 કરોડ અમેરિકી ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. ન્યૂઝીલેન્ડમાં માથાદીઠ ઝવેરાતનો ઊંચો વપરાશ અને ભારતીય ડિઝાઇન તથા કારીગરીની વધતી સંભાવનાઓને ધ્યાનમાં રાખીને નિકાસ વધારવાની વ્યૂહરચના ઘડવામાં આવી છે. GJEPCના ચેરમેન કિરીટ ભણસાલીએ કોલકાતાથી જ્વેલર્સે સોનાના દાગીનાની નિકાસ કરી હતી, જ્યારે ઓડિશાની કંપની એ GI ટેગ ધરાવતી ચાંદીની ફિલિગ્રી જ્વેલરીની નિકાસ કરી હતી. ચેન્નાઇની કંપનીએ સોનાના દાગીનાની નિકાસ કરી હતી. મુંબઇના બે જ્વેલર્સ ગ્રુપે સોનાના દાગીના, જ્યારે સુરતના SRKએ કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ કરી હતી.

**સ્થાયીએ નીચા ટેન્ડરો દફતરે કરી દેવાના કરેલા નિર્ણય બાદ**

# હવે કમિ.નો તમામ ઝોનમાં 30% નીચા ભાવનાં ટેન્ડરો રદ કરવા આદેશ

**રદ** કરાયેલાં કામોમાં એડિશનલ પર્ફોર્મન્સ સિક્યુરિટી ડિપોઝિટ સાથે નવેસરથી ટેન્ડરિંગ કરાશે

સુરતઃ ગત ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મળેલી સુરત મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં 30 ટકા નીચા ભાવના ૨૮ ટેન્ડરોને ત્વરિત ધોરણે દફતરે કરી દેવાયા બાદ હવે કમિ.એ પણ તાત્કાલિક અસરથી તમામ ઝોન અને સંબંધિત વિભાગોને સત્તાવાર નોંધ મૂકીને ૩૦ ટકા કે તેથી વધુ નીચા ભાવવાળા તમામ ટેન્ડરો રદ કરવા માટે કડક સૂચનાઓ જારી કરી દીધી છે.

આ રદ કરાયેલા તમામ વિકાસકામો માટે ગત ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ની સત્તાવાર નોંધ મુજબ ટેન્ડરની શરતોમાં વધુ કડકાઈ લાવવામાં આવી છે. ખાસ કરીને ટેન્ડર શરતોમાં ‘એડિશનલ પર્ફોર્મન્સ સિક્યુરિટી ડિપોઝિટ’ ની નવી કલમ ફરજિયાતપણે ઉમેરીને હવે આ તમામ કામો નવેસરથી પારદર્શક પદ્ધતિથી ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવશે, જેથી ભવિષ્યમાં કામોની ગુણવત્તા અને સમયમર્યાદા જળવાઈ રહે. હવે કોન્ટ્રાકટરો નીચા ભાવો ભરીને કોન્ટ્રાક્ટ નહીં લઈ શકે.

### કામોની ગુણવત્તા ચકાસવાની જવાબદારી હવેથી જે-તે ઝોનના કાર્યપાલકની

આ સાથે જ પાલિકા દ્વારા માત્ર નવા ટેન્ડરો જ નહીં, પરંતુ હાલમાં શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસકામોની ગુણવત્તા ચકાસવાની અને તે અચૂક જાળવવાની સીધી જવાબદારી સંબંધિત તમામ કાર્યપાલક ઇજનેરોને સોંપવામાં આવી છે. જો હવે ચાલુ કામોમાં પણ કોઈપણ પ્રકારની અનિયમિતતા કે હલકી કક્ષાની સામગ્રી વપરાયાનું જણાશે, તો જવાબદાર ઇજનેરો સામે પણ ખાતાકીય પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારાઈ છે. મનપાના આ કડક વલણથી શહેરી વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર અને લાપરવાહી પર લગામ કસાશે તેવી આશા બંધાઈ છે

### સીમાડા ખાડી પાસે નિર્માણાધીન બ્રિજના ખોદકામથી ટાઇલ્સની દુકાન ધસી પડી, કોઇ જાનહાનિ નથી



■ સીમાડા ખાડી પર ચાલી રહેલા બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન બુધવારે રાત્રે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બ્રિજ માટે કરાયેલા આશરે ૪૦ ફૂટ ઊંડા ખોદકામને કારણે બાજુમાં આવેલી ‘એન્જલ સિરામિક’ નામની ટાઇલ્સની દુકાનની દીવાલ અને રોડ ધસી પડ્યા હતા. જોતજોતામાં દુકાનનો અમુક ભાગ ખાડીમાં તૂટી પડ્યો હતો. સદ્‌નસીબે, દુકાનદાર અને કારીગરો સમયસર બહાર દોડી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. ચોમાસાના પાણીના લીધે માટી પોચી પડવાથી આ ઘટના બની હોવાનું પ્રાથમિક તારણ છે. ઘટનાને પગલે સરથાણા ઝોન, બ્રિજ અને હાઇડ્રોલિક વિભાગના અધિકારીઓએ દોડી જઈ તાકીદે માટી પુરાણ અને ક્ષતિગ્રસ્ત પાણીની લાઈનોનું સમારકામ શરૂ કરાવ્યું હતું.

# ડિંડોલીમાં બાળકોની રમતના ઝઘડામાં તલવાર વડે હુમલો

**વેપારી** યુવકના કપાળના ભાગે ઘા મારી લોહીલુહાણ કર્યો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં બાળકો વચ્ચે રમતા રમતા થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પડોશીએ તલવાર વડે હુમલો કરી એક ઝરીના વેપારીનું માથું ફોડી નાખતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ડિંડોલીના કેનાલ રોડ પર આવેલા યમુનાકુંજ રેસિડેન્સી ખાતે રહેતા અને સચિન GIDCમાં ‘ખોડિયાર ક્રિએશન’ નામે ઝરીનું ખાતું ચલાવતા વિજયભાઈ બનાજીભાઈ ચૌહાણ (ઉં.વ.૩૫) ગત ૧૯ ઓક્ટોબરના રોજ પોતાના પરિવાર સાથે ઘરે હાજર હતા.

તે દિવસે સોસાયટીના ખુલ્લા પ્લોટમાં બાળકો રમતા હતા ત્યારે વિજયભાઈના પુત્ર પ્રિન્સ અને સોસાયટીમાં જ રહેતા ઉમેશ બાવિષ્કરના પુત્ર ધ્વજ વચ્ચે રમત-રમતમાં સામાન્ય બોલાચાલી થઈ હતી. આ નાની વાતનો ખાર રાખી ઉમેશ બાવિષ્કર વિજયભાઈના ઘરે પહોંચી ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. બાદમાં દોડીને પોતાના ઘરે ગયો હતો અને હાથમાં તલવાર લઈને પાછો ધસી આવ્યો હતો.

ઉમેશે વિજયભાઈ પર તલવાર વડે સીધો ઘા ઝીંકી દેતાં તેમના કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને લોહી વહેવા લાગ્યું હતું. રહીશો સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં સારવાર લીધા બાદ વિજયભાઈ ચૌહાણે ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉમેશ બાવિષ્કરની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**૨ કરોડના મની લોન્ડરિંગનો ડર બતાવી રૂ.૭.૫૦ લાખ પડાવ્યા**

# પી.ટી.શિક્ષકને ‘ડિજિટલઅરેસ્ટ’ કરી ઠગોએ દર બે કલાકે સેલ્ફી મંગાવી

**નાસિક** પોલીસ, NIA, ED અને RBIના ખોટા દસ્તાવેજો વોટ્સએપ પર મોકલી પાંચ દિવસ સુધી ભયમાં રાખ્યા

સુરતઃ અમરોલીમાં રહેતા અને ૩૦ વર્ષથી શાળામાં પી.ટી. શિક્ષક તરીકે ફરજ બજાવતા ૫૫ વર્ષીય વડીલ સાથે ‘ડિજિટલ અરેસ્ટ’ના નામે ગંભીર સાયબર છેતરપિંડીની અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અમરોલીના કોસાડ ગામ ખાતે બ્રાહ્મણ ફળિયામાં રહેતા જયંતિભાઈ દલપતભાઈ પટેલ (ઉં.વ.૫૫) અમરોલીની એમ.એમ. શાહ કન્યા શાળામાં પી.ટી. શિક્ષક તરીકે નોકરી કરે છે. ગત ૫ ઓક્ટો.ના રોજ સવારે તેમને એક ફોન આવ્યો હતો, જેમાં ફોન કરનારે પોતાનું નામ સુમિત શુક્લા જણાવી મુંબઈ સ્થિત ‘ડેટા પ્રોટેક્શન બોર્ડ ઓફ ઈન્ડિયા’માંથી બોલતો હોવાની ઓળખ આપી કહ્યું કે તમારા આધારકાર્ડના દસ્તાવેજોનો દુરુપયોગ કરી નાસિકમાં એક મોબાઈલ નંબર રજિસ્ટર કરવામાં આવ્યો છે, જેના દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિઓ અને બાળકોને લગતા અશ્લીલ વિડીયો વાયરલ થયા છે. ત્યારબાદ ઠગોએ નાસિક પોલીસ સ્ટેશન, સુપ્રીમ કોર્ટ, NIA, ED અને RBIના નામના બનાવટી દસ્તાવેજો વોટ્સએપ પર મોકલીને કેનરા બેંકમાં કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો થયા હોવાનું અને તેઓ મની લોન્ડરિંગ કે PFI ટેરર ફંડિંગના કેસમાં સંડોવાયેલા હોવાનું દર્શાવી ‘ડિજિટલ અરેસ્ટ’ કરાયા હતા. ઠગોએ તેમને જ્યાં પણ જાવ તેની જાણ કરવા અને દર બે કલાકે સેલ્ફી પાડીને મોકલવાની સખત સૂચના આપી હતી. ડરી ગયેલા જયંતિભાઈએ સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના ખાતામાંથી RTGS દ્વારા રૂ.૭,૫૦,૦૦૦ ની રકમ ગઠિયાઓના બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. ત્યારબાદ ઠગોએ બાકીની રોકડ અને સોનું પણ રોકડમાં ફેરવીને અન્ય શંકાસ્પદ ખાતામાં જમા કરાવવા દબાણ કરતાં શિક્ષકને પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. ઘટના અંગે સાયબર ક્રાઈમે તપાસ શરૂ કરી છે.

## નાના વરાછામાં BRTS રોડ નજીકની દુકાનમાં આગ

સુરતઃ નાના વરાછા સ્થિત સાઈ કૃપા સોસાયટીની બાજુમાં અને બીઆરટીએસ રોડ પર આવેલા શ્યામ ધામ ચોક નજીક આવેલી એક દુકાનમાં બપોરે 2:56 કલાકે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ દુકાનના કબજેદાર અથવા માલિક તરીકે સંદીપભાઈ કનેરીયા હોવાનું સામે આવ્યું છે. અચાનક ફાટી નીકળેલી આ આગને કારણે દુકાનની અંદર રહેલું સીએનસી મશીન સળગી જવાની સાથે-સાથે ઈલેક્ટ્રિક વાયરિંગ અને અન્ય તમામ સામાન સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર ફાઈટરોની ટીમ દ્વારા ભારે જહેમત બાદ બપોરે 3:43 કલાકે આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર વિભાગની સાથે જી.ઈ.બી. તેમજ પોલીસ કાફલો પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

# ઘારી-ભૂસાનો વેપાર 30 કરોડનો

**સુરતીઓ** 200 ટનથી વધુ ઘારી એક જ દિવસમાં ઝાપટી જશે

**પરંપરાગત** માવા ઘારીથી ગોલ્ડન અને શુગર-ફ્રી વેરાઈટીની બજારમાં નવી માંગ

સુરતઃ સુરતીઓના સ્વાદ અને પરંપરા સાથે જોડાયેલા ચંદની પડવાના તહેવારને લઈને મીઠાઈ બજારમાં કરોડોના વેપારની આશા છે. ચંદની પડવાના દિવસે સુરતીઓ ઘારી અને તીખા-ચટપટા ભૂસાનો મનભરીને સ્વાદ માણે છે. મીઠાઈ એસોસિએશનના અંદાજ મુજબ, આ એક જ દિવસ દરમિયાન સુરતમાં ઘારી અને ભૂસાના વેચાણનો આંકડો રૂ.14 કરોડથી રૂ.30 કરોડ સુધી પહોંચી શકે છે. શહેરમાં 2 લાખ કિલો એટલે કે 200 ટનથી વધુ ઘારી અને 25 હજાર કિલોથી વધુ ભૂસાનો વેચાણ થવાનો અંદાજ છે. વર્ષોથી ઘારી સુરતીલાલાઓની પહેલી પસંદ રહી છે, પરંતુ બદલાતા સમય સાથે ગ્રાહકોની પસંદગીમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. પરંપરાગત માવા ઘારીની સાથે હવે અલગ-અલગ સ્વાદ, મોંઘી ભેટ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને તૈયાર થતી વેરાઈટીઓ બજારમાં સ્થાન બનાવી રહી છે.

### સોના-ચાંદીના વરખથી શુગર-ફ્રી સુધીની વેરાઈટીઓની બજારમાં ધૂમ

24 કેરેટ સોનાના વરખથી સજાવેલી ગોલ્ડન ઘારી લક્ઝરી મીઠાઈ તરીકે આકર્ષણનું કેન્દ્ર બની છે. જે નંગ પ્રમાણે રૂ,1200થી 1400 વચ્ચે વેચાય છે. તો સિલ્વર કોટિંગ વાળી ઘારી પ્રતિનંગ રૂ.700થી 900 સુધી વેચાય છે. બીજી તરફ, ખાંડનું સેવન ટાળવા ઇચ્છતા ગ્રાહકો માટે નેચરલ સ્વીટનરથી તૈયાર થતી શુગર-ફ્રી ઘારીનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત પિસ્તા ઘારી, કેસર-બદામ-પિસ્તા ઘારી અને સ્પેશિયલ ડ્રાયફ્રૂટ ઘારી જેવી પ્રીમિયમ વેરાઈટીઓની સાથે માવા-મલાઈ, કૂકીઝ અને ચોકલેટ ઘારી પણ ગ્રાહકોને આકર્ષી રહી છે.

### 600થી શરૂ થતાં ભાવ, પ્રિમિયમ ઘારી 1,700 સુધી

સામાન્ય માવા ઘારીનો ભાવ કિલોદીઠ રૂ.600થી રૂ.750, પિસ્તા અને કેસર-બદામ-પિસ્તા ઘારીનો રૂ.760થી રૂ.950, જ્યારે સ્પેશિયલ ડ્રાયફ્રૂટ ઘારીનો રૂ.950થી રૂ.1,200 સુધી છે. શુગર-ફ્રી ઘારીના ભાવ રૂ.1,300થી રૂ.1,700 પ્રતિ કિલો સુધી રહે છે. સોનાના વરખવાળી ગોલ્ડન ઘારીનો ભાવ પ્રતિ નંગ આશરે રૂ.1,400થી શરૂ થતો હોવાનું જણાવાય છે, જ્યારે કિલોદીઠ તેની કિંમત રૂ.12 હજારથી વધુ થઈ શકે છે.

### સુરતની ઘારી દેશ-વિદેશમાં ઓનલાઈન પહોંચે છે

આજે દેશના વિવિધ શહેરોમાં અને વિદેશોમાં અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, લંડનમાં વસતા ગુજરાતીઓ સુધી પણ આ પરંપરાગત મીઠાઈ પહોંચવા લાગી છે. ઓનલાઈન ઓર્ડર અને મીઠાઈના વેપારીઓ દ્વારા થતી વ્યવસ્થાના કારણે સુરતી ઘારીનો સ્વાદ વતનથી દૂર રહેતા લોકો પણ માણી શકે છે. વિદેશમાં રહેતા ગુજરાતીઓ માટે સુરતની ઘારી માત્ર મીઠાઈ નહીં, પરંતુ વતનની યાદ અને પરંપરા સાથે જોડાયેલી ભેટ પણ છે. ઓનલાઈન વેચાણ અને દેશ-વિદેશમાં થતી પહોંચ સુરતની પરંપરાગત મીઠાઈને નવા ગ્રાહકો સુધી લઈ જવાની તક પૂરી પાડે છે.

# GSTમાંસામાન્યભૂલોપરનો દંડ ઘટાડી રૂ.10,000 કરાયો

**10** હજારથી ઓછા ટેક્સના કેસોમાં વિભાગ નોટિસ ઈશ્યૂ કરી શકશે નહીં

સુરતઃ દેશભરના નાના-મોટા વેપારીઓ, MSME અને ટેક્સ પ્રોફેશનલ્સની લાંબા સમયની માંગણીને ધ્યાને લઈ GST કાઉન્સિલે અત્યંત રાહતરૂપ નિર્ણય લીધો છે.

જૂની જોગવાઈ મુજબ કાયદામાં અલગ દંડ ન હોય તેવી કોઈ પણ સામાન્ય ભૂલ પર 50,000 સુધીનો દંડ લાગતો હતો, પરંતુ હવે આ મર્યાદા 10,000 કરી દેવાઈ છે. આ નિર્ણય પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવાનો છે, જેથી નાના વેપારીઓ અને રિટેલર્સ નજીવી ભૂલોને કારણે સરકારી કચેરીઓ અને અપીલોમાં અટવાય નહીં. ઘણીવાર વેન્ડરના સરનામામાં ક્ષતિ, રિટર્ન ભરવામાં વિલંબ, ફોર્મેટ કે ઈન્વોઈસમાં મામૂલી ભૂલ જેવી બાબતોમાં ટેક્સ ચોરીનો કોઈ ઈરાદો હોતો નથી, છતાં 50,000 સુધીનો દંડ ફટકારાતો હતો જે ભૂલની સરખામણીએ અપ્રમાણસર હતો. આ મોટા દંડને કારણે વેપારીઓએ વકીલો રોકી ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ સુધી જવું પડતું હતું,

આ ઉપરાંત કાઉન્સિલે વધુ બે રાહતો પણ આપી છે. હવે 10,000થી ઓછી ટેક્સ રકમની નાની વિસંગતતાઓ માટે વિભાગ શો-કોઝ નોટિસ ઈશ્યૂ કરી શકશે નહીં અને નોન-ફ્રોડ કેસોમાં ફરજિયાત લઘુત્તમ દંડને બદલે 5% સુધીના દરે પેનલ્ટી ભરી ઝડપી સમાધાનની સુવિધા અપાશે. આ નિર્ણયને વેપારી સંગઠનોએ આવકાર્યો છે. નાના વેપારીઓને મોટી રાહત થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના દૈવિક પટેલે અંડર-9 કેટેગરીમાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસમાં મેડલો મેળવ્યા



સુરતઃ ગુજરાત સ્ટેટ રેંકિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટ 2026માં દૈવિક વિરલ પટેલે 9 વર્ષની નીચે (U-9) વિભાગમાં ભાગ લીધો હતો અને ટૂર્નામેન્ટમાં બ્રોન્ઝ અને સિલ્વર મેડલ અને સુરત ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. હાલમાં દૈવિક રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ, વેસુમાં ધો-2માં અભ્યાસ કરે છે. દૈવિકના પિતા વિરલ પટેલ હાલ રિલાયન્સમાં નોકરી કરે છે. વિરલે પણ 40+ ચાલીસ ઉપરની વ્યક્તિ ગ્રુપમાં ટેબલ ટેનિસ ઓપનમાં ગુજરાત નં-1 અને રાષ્ટ્રકક્ષાએ ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે.

### સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર અને શાસ્ત્રનું પૂજન કરાયું



સુરતઃ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત દ્વારા વિજયાદશમી મહોત્સવની ઉજવણી જહાંગીરપુરા મહાનગરપાલિકાના કોમ્યુનિટી ખાતે કરાઈ હતી. જેમાં શસ્ત્ર, શાસ્ત્ર અને સમીના છોડનું પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના જુદાજુદા બ્રહ્મસમાજના ૫૦થી વધુ પેટા જ્ઞાતિના ૧૫૦૦થી વધુ લોકો પરિવાર સાથે જોડાયા હતા. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ જયદીપ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ વર્ષે યોજાયેલા વિજયાદશમી મહોત્સવ કાર્યક્રમમાં સુરતના સામાજિક આગેવાનો, શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનો, સરકારી અમલદારો અને રાજકીય આગેવાનો પણ વિશેષ અતિથિ તરીકે જોડાયા હતા.

### સુરતમાં અસ્મિતા વેઈટ લિફ્ટિંગ ટુર્નામેન્ટ યોજાઈ, 42 બહેનોએ ભાગ લીધો



સુરતઃ ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા તથા વેઈટ લિફ્ટિંગ ફેડરેશન અને ગુજરાત સ્ટેટ વેઈટ લિફ્ટિંગ એસોસિયેશનના ઉપક્રમે સુરતમાં અસ્મિતા વેઈટ લિફ્ટિંગ સિટી ટુર્નામેન્ટ-2026 યોજાઈ હતી. જેમાં યુથ, જુનિયર અને સિનિયર વિભાગની 42 ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. ઉદઘાટનમાં રમતગમત અધિકારી કનુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ વેઈટ લિફ્ટિંગ એસો.ના મંત્રી ડો.મયૂર પટેલ, ખજાનચી ડો.રુસ્તમ સદરી, સભ્ય છાયાબેન પટેલ, સુરત જિલ્લા વેઇટ લિફ્ટિંગ એસોસિએશનના પ્રશાંતભાઈ પિલ્લાઈ, ભીખુભાઇ પટેલ, જેનુદ્દીન કૌકાવાલા તેમજ તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ભીખુભાઈ પટેલ અને સારથી ભંડારીએ કર્યું હતું.

### ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલના અંડર-13 બોય્ઝ ફૂટબોલમાં ચેમ્પિયન બન્યા



સુરતઃ ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતની અંડર-13 બોયઝ ફૂટબોલ ટીમે ઇન્દોર સુપર લીગ - ઓલ ઇન્ડિયા ફૂટબોલ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયનશિપનો ખિતાબ પોતાના નામે કર્યો છે.જેમાં રોમાંચક ફાઇનલ મુકાબલામાં અમારી યુવા ટીમે ભોપાલને 3-0થી હરાવીને એકતરફી જીત નોંધાવી. ખેલાડીઓએ મેદાનમાં અસાધારણ કૌશલ્ય, ઉત્કૃષ્ટ ટીમવર્ક, શિસ્ત અને અડગ નિશ્ચયનું પ્રદર્શન કર્યુંહતું. આ શાનદાર સિદ્ધિ અમારા યુવા ફૂટબોલ ખેલાડીઓની સતત મહેનત, સમર્પણ અને રમત પ્રત્યેના અતૂટ જુસ્સાનું પરિણામ છેતેવું સ્કૂલ તરફથી જણાવાયું છે.

### મોટા વરાછામાં ક્ષત્રિય સમાજ દ્વારા દશેરાએ શસ્ત્રપૂજન કરાયું



સુરતઃ મોટા વરાછાના ક્ષત્રિય રાજપુત સમાજ દ્વારા દશેરા નિમિત્તે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના વરિષ્ઠ આગેવાનો સહદેવસિંહ વાંસિયા, વાસુદેવસિંહ વરાછીયા, હરેન્દ્રસિંહ ચૌહાણ , બળવંતસિંહ વરાછીયા, ગંભીરસિંહ મહીડા, અર્જુનસિંહ વરાછીયાની ઉપસ્થિતિ રહ્યા હતા. તમામે મોટાવરાછા ક્ષત્રિય રાજપૂત સમાજના યુવાનો, ભાઈઓ એકજુટ રહી આગળ વધવા હાકલ કરી હતી. સમસ્ત મોટાવરાછા ક્ષત્રિય રાજપૂત યુવા સંગઠન, ભાઈઓ અને બહેનોએ શસ્ત્ર પૂજન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### વૈભવી સુખોને છોડીને સાધનાનો માર્ગ સ્વીકારનાર મહાન છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નઝરાના જૈન સંઘ ભીવંડી જૈન ભવનમાં પ્રવચનપ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં નવપદ ભક્તિ મહોત્સવ અન્વયે શાશ્વતી આયંબિલની ઓળીમાં 300 જેટલા તપસ્વીઓ જોડાયા છે. જેમાં ભીવંડી જૈન સંઘની દિકરી મુમુક્ષુ ધ્વનિબેન હેમંતભાઇ હાડાના દીક્ષાના મુહુર્તની ઘોષણા કરવામાં આવી હતી. પૂજ્યએ જણાવ્યું હતું કે, યૌવનવયમાં સંસારનાં તમામ વૈભવી સુખોને છોડીને સાધનાનો માર્ગ સ્વીકારનાર મહાન છે. શ્રી પ્રેમસૂરિ ચેરિટેબલ ટ્રસ્ટ પોલિક્લિનીક એન્ડ લેબોરેટરીનાં 19 વર્ષની પુર્ણાહુતિ પ્રસંગે પૂ. આચાર્ય ભગવંત સહિત સકલ સંઘ સાથે પગલાં કરીને આશીર્વાદ પાઠવીને માંગલિક શ્રવણ કરાવ્યું હતું. સકલ સંઘના પગલાં નિમિત્તે પ્રભાવના કરવામાં આવી હતી.

### કાશીબા ગોટી ટ્રસ્ટના સંકલ્પમાં દીપક ભેદા દ્વારા 12 સરસ્વતી ધામની જવાબદારી લીધી



સુરતઃ કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા શિક્ષણના માધ્યમથી ગરીબોના ઉત્થાન, રાષ્ટ્રનિર્માણ અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ-સંવર્ધન માટે દેશભરમાં સરસ્વતીધામ નિર્માણનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જેમાં નિર્માણખર્ચની 50 ટકા રકમ શ્રી કેશુભાઈ ગોટી (ટ્રસ્ટ) આપે છે, જ્યારે બાકીની 50 ટકા રકમ સહયોગી દાતા દ્વારા આપવામાં આવે છે. જેમાં ફેંકીન રિયાલિટી, મુંબઈના ચેરમેન દીપકભાઈ ભેદાએ એકસાથે 12 સરસ્વતીધામના સંપૂર્ણ નિર્માણખર્ચની જવાબદારી સ્વીકારીને પ્રેરણાદાયી સખાવત કરી છે. કાશીબા ગોટી ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ ગોટી, ટ્રસ્ટી મનહરભાઈ સાસપરા, ટ્રસ્ટી પ્રદીપભાઈ સિંઘી, મહેન્દ્રભાઈ સંગોઈ અને હરેશભાઈ વોરા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.